સકલ જગત કો આપ રચાવે સબકા પાલનહારા, અંદર બાહિર સબ ઘટ પૂરન, સબસે નિશદિન ન્યારા, પ્રભુ તેરી મહિમા પરમ અપારા

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૭૭૮ |
| અમદાવાદ | ૧૮૭ |
| ગાંધીનગર | ૨૧ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૧૯ | ૮ જુલાઈ, ૨૦૨૦, બુધવાર; અષાઢ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ટ્રમ્પ ઓનલાઈન ક્લાસ કરતા વિદ્યાર્થીઓના વિઝા રદ કરશે

**અમેરિકી સરકારના નિર્ણયથી ૨ લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ પર તોળાતુ સંકટ : કુલ ૧૧ લાખ વિદેશી છાત્રો પાસે સક્રિય છાત્ર વિઝા : જે વિદેશી વિદ્યાર્થી આદેશાનુસાર અમેરિકા નહીં છોડે તેને બળજબરીપૂર્વક તેના દેશ મોકલી દેવામાં આવશે**



વૉશિંગ્ટન,તા.૭

અમેરિકામાં કોરોના વાઈરસ મહામારી વચ્ચે સ્ટૂડન્ટ વિઝાને લઈને મોટી જાહેરાત કરવામાં આવી છે. જેમાં ટ્રમ્પ સરકારે નિર્ણય કર્યો છે કે, તેઓ એવા વિદ્યાર્થીઓના સ્ટૂડન્ટ વિઝા રદ કરશે, જેમનો અભ્યાસ કોરોનાના કારણે માત્ર ઓનલાઈન ચાલી રહ્યો છે. આ નિર્ણયની ભારતીય વિદ્યાર્થીઓ પર વધારે અસર થશે. ટ્રમ્પ પ્રશાસનના આ નિર્ણયથી કુલ ૧૦ લાખ વિદ્યાર્થીઓને મુશ્કેલી થશે. તેમા ૨ લાખથી વધારે ભારતીય છે.

ઈમીગ્રેશન એન્ડ કસ્ટમ એન્ફોર્સમેન્ટ (ICE) મુજબ, સ્ટૂડન્ટ વિઝા પર અમેરિકામાં ભણી રહેલા વિદેશી વિદ્યાર્થીઓ, કે જેમનો અભ્યાસ માત્ર ઓનલાઈન ચાલી રહ્યો છે. તેમને અમેરિકા છોડીને પોતાના દેશમાં પરત ફરવું પડશે.

હોમલેન્ડ સિક્યોરિટી વિભાગના એક રિપોર્ટ અનુસાર, હાલના સમયમાં અમેરિકામાં ૧૦ લાખથી વધુ વિદેશી વિદ્યાર્થીઓ પાસે સ્ટૂડન્ટ વિઝા છે.

ઈમીગ્રેશન એન્ડ કસ્ટમ એન્ફોર્સમેન્ટ મુજબ, F-1ના વિદ્યાર્થીઓ એકેડમિક કોર્સ વર્કમાં સામેલ થાય છે. જ્યારે સ્-૧ સ્ટૂડન્ટ વોકેશનલ કોર્સવર્ક કરે છે. F-1 વિઝા એવા ઈન્ટરનેશનલ વિદ્યાર્થીઓ માટે જાહેર કરવામાં આવે છે. જે કોઈ અમેરિકન કૉલેજ કે યુનિવર્સિટીમાં શૈક્ષણિક કાર્યક્રમમાં ભાગ લે છે. તેઓ પોતાનું શૈક્ષણિક સત્ર પૂર્ણ કરવામાં લાગતા સમય ઉપરાંત ૬૦ દિવસ પહેલા સુધી અમેરિકામાં રહી શકે છે.

M-1 વિઝાનો ઉપયોગ એવા વ્યક્તિ દ્વારા કરવામાં આવે છે, જે શૈક્ષણિક નહીં, પરંત વ્યવસાયીક કાર્ય કરવા માંગે છે. M1 વિઝા ધારકના સ્પાઉશને M-2 વિઝા આપવામાં આવે છે.

કોરોના સંક્રમણના કારણે અમેરિકાની અનેક મોટી યુનિવર્સિટીએ પહેલાથી જ

● અનુસંધાન પાન-૭ પર

# ચીન સરહદે વાયુસેનાનો હુંકાર અપાચે હેલિકોપ્ટરથી પેટ્રોલિંગ

ન્યુ દિલ્હી,તા.૭

ગાલવાન ઘાટીમાં ભારત અને ચીન વચ્ચેનો તણાવ ઘટી રહ્યો હોવાનું જણાઈ રહ્યું છે અને સોમવારે ચીની સેનાએ પોતાના તંબુ પાછા લેવાનું શરૂ કરી દીધું હતું પરંતુ ભારતે હજુ પણ પોતાનું આકરૂં વલણ જાળવી રાખ્યું છે. લડાકુ હેલિકોપ્ટર અપાચેએ સોમવારે રાતે ભારત ચીન સરહદ પાસે એક ઓપરેશન પાર પાડ્યું હતું. અપાચે, ચિનુક સહિત વાયુસેનાના અનેક વિમાનો મોડી રાતે ઉડાન ભરતા દેખાયા હતા અને તેમણે ચીન પર નજર રાખી હતી.



ભારત-ચીન સરહદ પરના ફોરવર્ડ બેઝ પર અપાચે હેલિકોપ્ટરે મોનિટરિંગ માટે ઉડાન ભરી હતી. ભારતીય વાયુસેના સતત સરહદ પર અભ્યાસ કરી રહી છે અને દરેક સ્થિતિનો સામનો કરવા તૈયારી કરી રહી છે. માત્ર અપાચે જ નહીં પરંતુ ચિનુક હેલિકોપ્ટરે પણ તે સ્થળે અભ્યાસ કર્યો હતો. અપાચે હેલિકોપ્ટર સિવાય મિગ-૨૯ સહિત અન્ય અનેક લડાકુ વિમાને અગાઉ લેહના આકાશમાં ઉડાન ભરેલી છે.

ઉલ્લેખનીય છે કે હજુ ગત વર્ષે જ ભારતીય વાયુસેનાની ફોર્સમાં ૮ અપાચે લડાકુ હેલિકોપ્ટર્સે સ્થાન મેળવ્યું હતું અને ત્યાર બાદ સેનાની શક્તિમાં વધારો થયો હતો. અમેરિકી કંપની બોઈંગ અપાચે હેલિકોપ્ટરનું નિર્માણ કરે છે. આ હેલિકોપ્ટર્સની મારક ક્ષમતા ખૂબ જ ખતરનાક હોય છે. સાથે જ તેની ડિઝાઈન પણ એવી હોય છે કે તે રડારની પકડમાં નથી આવતા.

# ચીન સાથે યુદ્ધ થયું તો અમેરિકન સેના ભારતને સાથ આપશે : વ્હાઈટ હાઉસ

**અમેરિકા પાસે અત્યારે પણ વિશ્વની શ્રેષ્ઠ સૈન્ય શક્તિ : ચીનના પાડોશી દેશ બેઈજિંગની આક્રમક કાર્યવાહીથી સુરક્ષિત નથી**

વૉશિંગ્ટન,તા.૭

ભારત અને ચીનના સરહદી વિવાદ વચ્ચે અમેરિકાએ નીડરતાપૂર્વક કહી દીધું છે કે, તે પ્રશાંત મહાસાગર હોય કે તેનાથી આગળ, પોતાની પ્રભાવી શક્તિની ભૂમિકાથી પીછેહઠ નહીં કરે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ચીફ ઓફ સ્ટાફ માર્ક મેડોસના કહેવા પ્રમાણે ભારત અને ચીનના વિવાદ સાથે સંકળાયેલો મુદ્દો હોય કે પછી બીજું કાંઈ પણ તેમનું (અમેરિકાનું) વલણ આકરૂં જ રહેશે. વધુમાં તેમણે ચીનની સરહદ સાથે જોડાયેલા કોઈ દેશ બેઈજિંગની આક્રમક કાર્યવાહીથી સુરક્ષિત નથી તેમ પણ જણાવ્યું હતું.

તણાવના માહોલ વચ્ચે દક્ષિણ ચીની સમુદ્રમાં બે એરક્રાફ્ટ કેરિયર તૈનાત કરવા મામલે મેડોસે જણાવ્યું કે, 'અમારો સંદેશો સ્પષ્ટ છે. અમે મૂકદર્શક નહીં બની રહીએ. ચીન હોય કે કોઈ બીજું, અમે તે વિસ્તાર કે અન્ય કોઈ જગ્યાએ બીજા કોઈ દેશને સૌથી શક્તિશાળી, પ્રભાવી તાકાતનો દરજ્જો નહીં લેવા દઈએ. અમારી સૈન્ય તાકાત મજબૂત છે અને ભવિષ્યમાં પણ મજબૂત જ રહેશે. પછી તે ભારત

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૧૮૧૮૫૭૦ | ૫૪૨૮૧૮ | ૬૬૩૨૪૧૭ |
| ભારત | ૭૪૦૧૩૧ | ૨૦૬૩૬ | ૪૫૫૧૯૧ |
| ગુજરાત | ૩૭૬૩૬ | ૧૯૭૯ | ૨૬૭૪૪ |
| ગાંધીનગર | ૮૫૪ | ૫૯ | ૫૬૩ |

# દેશમાં હજુ સુધી ૧૦૨૧૧૦૯૨ના ટેસ્ટ

**૨૪ કલાકમાં ૨૨,૨૫૨ નવા ચેપગ્રસ્તો નોંધાયા : ૪૬૭ મોત : દેશમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૭ લાખને પાર**

નવી દિલ્હી, તા. ૭

ભારતમાં વિતેલા ૨૪ કલાકમાં કોરોનાના ૨૨,૨૫૨ નવા ચેપગ્રસ્તો નોંધાયા છે. તેની સાથે જ દેશમાં કુલ દર્દીઓની સંખ્યા ૭ લાખને પાર થઈ ચૂકી છે. કોવિડ-૧૯ વાયરસના સંક્રમણના કુલ ૭,૧૯,૬૬૫ દર્દીઓની સંખ્યા સાથે રશિયાને પાછળ રાખીને ભારત દુનિયાભરમાં પ્રભાવિત દેશોની યાદીમાં ત્રીજા નંબરે પહોંચી ગયુ છે. દેશભરમાં એક જ દિવસમાં ૪૬૭ દર્દીઓએ જીવ ગુમાવ્યો છ. તેની સાથે મૃત્તકોની કુલ સંખ્યા ૨૦,૧૬૦ થઈ ચૂકી છે. સ્વાસ્થ્ય વિભાગના સુત્રોએ જણાવ્યા મુજબ દેશભરમાં કુલ ૭,૧૯,૬૬૫ પોઝીટીવ કેસોમાંથી ૨,૭૯,૭૧૭ સક્રિય કેસો છે. અત્યાર સુધીમાં ૧,૦૨,૧૧,૦૯૨ સેમ્પલના ટેસ્ટ થઈ ચૂક્યા છે. જેમાંથી ૬ જુલાઈએ કુલ ૨,૪૧,૪૩૦ સેમ્પલનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. વિતેલા ૨૪ કલાકમાં પોઝીટીવિટી રેટ ૯.૨૧ છે. ભારતમાં કોરોનાના વાયરસના સંક્રમિતોની સંખ્યા ૧૫૯ દિવસોમાં ૭ લાખને પાર થઈ છે.

● અનુસંધાન પાન-૭ પર



## છેલ્લે... છેલ્લે...

- બ્રાઝીલના રાષ્ટ્રપ્રમુખ બાલસોનારોને કોરોના પોઝિટિવ.
- સુરતમાં એક જ દિવસમાં ૧૧ તબીબોને કોરોના પોઝિટિવ નોંધાયો.
- સુરતમાં ૧૩ હજાર કિલો લીટરની ઓક્સીજન ટેન્કર તૈયાર કરાયું.
- ગોવાના પૂર્વ આરોગ્ય મંત્રી અને ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ સુરેશ આમોનકરનું કોરાનાથી અવસાન.
- સીંગાપુર દક્ષિણ-પૂર્વમાં ૬.૧ સ્કેલનો મહાભૂકંપ.
- તિબેટ મુદ્દે દૂર રહેવા ભારતને ચીનની સલાહ
- કોરાના કાળમાં દેશની દિગ્ગજ મેડીકલ વેક્સીન વૈજ્ઞાનિક ડૉ. કાન્ગનું રાજીનામું.
- અમેરિકા પણ ટિકટોક સહિત ચાઈનીઝ એપ્સ પર રોક લગાવવાની તૈયારીમાં.
- બેઈજિંગમાં એક મહિનામાં કોઈ નવો કેસ નહિ: ઓસ્ટ્રેલિયા બે રાજ્યની સરહદ સીલ કરશે.
- મણીનગર સ્વામીનારાયણ મંદિરના ગાદીપતિ પુરુષોત્તમપ્રિય સ્વામીની તબિયત અત્યંત નાજુક

# લેહ એરપોર્ટનું આધુનિકીરણ થશે

ન્યુ દિલ્હી,તા.૭

લદ્દાખમાં વડાપ્રધાન મોદીના મિશનથી ચીન ડરી ગયું



છે. મોદી સરકારે જે રીતે લદ્દાખના વિકાસનું બિડું ઝડપ્યું છે તેને લઈ ચીન ભારે ચિંતામાં આવી ગયું છે. જ્યાં સુધી લદ્દાખમાં એલએસી પાસે બેઝિક સ્ટ્રક્ચર વિકસિત નહોતું ત્યાં સુધી ચીનને એલએસી ખાતે પોતાની મરજી પ્રમાણે વર્તન કરવામાં સરળતા રહેતી હતી પરંતુ હવે મોદી સરકાર લદ્દાખમાં રસ્તા અને પુલથી લઈને એરપોર્ટ પણ વિકસિત કરી રહી છે. આ રીતે ચીનની તમામ ચાલ નિષ્ફળ બનાવાઈ રહી છે.

ચીન જાણે જ છે અને સમજી પણ ગયું છે કે લદ્દાખનો વિકાસ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સપનું છે અને હવે આ વિકાસના કારણે ચીન પરેશાન છે. સરહદી વિસ્તારમાં બની રહેલા રસ્તાઓ અને પુલ જ નહીં પરંતુ લદ્દાખનો સંપૂર્ણ વિકાસ ચીન માટે ચિંતાનું

**લદ્દાખમાં નવા રસ્તાઓનું નિર્માણ શરુ :એરપોર્ટના લીધે લદ્દાખમાં પર્યટન વધશે જેથી ત્યાંના લોકો આત્મનિર્ભર બનશે અને સાથે જ બૌદ્ધ ધર્મનો પ્રચાર પ્રસાર વધશે**

કારણ છે. આ તરફ મોદી સરકારે લદ્દાખના વિકાસ માટે એક વિસ્તૃત પ્લાન તૈયાર કરી રાખ્યો છે.

લદ્દાખમાં નવા રસ્તાઓ બની રહ્યા છે અને પર્યટનને પ્રોત્સાહન આપવા અનેક યોજનાઓ ચાલુ છે. લેહ એરપોર્ટનું આધુનિકીકરણ વડાપ્રધાન મોદીના આ જ વિકાસ પ્લાનનો હિસ્સો છે. કુશક બાકુલા રિમ્પૌ એ સમગ્ર દેશને લદ્દાખ સાથે જોડનારૂં એકમાત્ર એરપોર્ટ છે. આ એરપોર્ટ પર નવી ટર્મિનલ બિલ્ડિંગ બનાવાઈ રહી છે જે આધુનિકતાની સાથે લદ્દાખની કલા અને સંસ્કૃતિ પર આધારીત હશે.

# મુંબઈ હવાઈ મથક કાંડમાં જીવીકે, MIAL સામે કેસ

નવી દિલ્હી, તા. ૭

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ મુંબઈ હવાઈ મથકના સંચાલનમાં ૨ ૭૦૫ કરોડની કથિત ગેરરીતિઓની તપાસ મામલે જીવીકે ગ્રૂપ, મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (એમઆઈએએલ) અને અન્યોની સામે મની લોન્ડરિંગનો કેસ નોંધ્યો છે તેવી માહિતી અધિકારીઓએ આપી છે. આ તપાસ સંસ્થાએ કેટલાક એકમોની વિરૂદ્ધ તાજેતરમાં જ નોંધાયેલી સીબીઆઈની એફઆઈઆરનો અભ્યાસ કર્યા બાદ મની લોન્ડરિંગ અટકાયત કાયદા હેઠળ એફઆઈઆર નોંધી હતી. અધિકારીઓનું કહેવું છે કે ઈડી આ વાતની તપાસ કરશે કે શું પૈસાના ગેરકાયદેસર

● અનુસંધાન પાન-૭ પર

SWARRNIM STARTUP & INNOVATION UNIVERSITY
Gandhinagar, Gujarat
INDIA'S FIRST UNIVERSITY FOR STARTUP
ADMISSIONS OPEN 2020-21
School of Technology
Diploma - Computer | Civil | Electrical | Mechanical | Automobile
B.Tech - Computer Egg. | IT | EC | Mechanical | Electrical | Civil | Automobile AI | CTIS | MACT | Blockchain
M.Tech - Advance Manufacturing System | AI | Electronics Communication Power Systems | Environmental Engineering | Cyber Security
PHD
School of Health Science
BAMS | BHMS | BPT | GNM | B.Sc. Nursing DMLT | Sanitary Inspector
School of Science
B.Sc. - PCM | Biotech | Microbiology | Fire And Safety
M.Sc. - Biotech | Chemistry Microbiology
Institute of Designs
B.Arch
B.Sc. Fashion & Creative Style (international Collaboration With Atelier Chardon Savard-Paris)
B.Des/Diploma - Fashion | Interior Product Graphic & Animation | UX
M. Plan
School of Business
B.Com | BBA | BCA | M.Com | MBA | Airport Mgmt | Hotel Mgmt.
SWARRNIM EASY FEE 0% Interest Education Loan
Scan to Apply Online ▶▶
Contact Us
www.swarrnim.edu.in
admission@swarrnim.edu.in
95108 58239
95108 68970
100% Placement in Last 3 Years

# કોરોનાની વેક્સીન ૨૦૨૧ સુધી તૈયાર થઈ જશે : WHO

જિનિવા,તા.૭

દુનિયાની સૌથી મોટી નોડલ હેલ્થ એજન્સી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનાં મુખ્ય વૈજ્ઞાનિક સૌમ્યા સ્વામીનાથને જણાવ્યું છે કે વિશ્વમાં આશરે ૧૫૦ જેટલી કોરોના વેક્સીનનું પરીક્ષણ રહ્યું છે ૨૦૨૧ સુધી તે તૈયાર થઈ જવાની શક્યતાઓ છે. તેઓએ જણાવ્યું હતું કે આગામી વર્ષે એક અથવા વધુ સંખ્યામાં વેક્સીન તૈયાર થઈ જશે તે અંગે અમે આશાવાદી છીએ.

**બ્રિટનમાં ઓક્સફર્ડ યુનિ.નું વેક્સિન પરીક્ષણ ત્રીજા તબક્કામાં**

આ ઉપરાંત સૌમ્યા સ્વામીનાથને કહ્યું હતું કે તમામ દેશોને વેક્સીન મળી રહે તે હેતુથી ડબલ્યુએચઓએ યોગ્ય માળખાકીય રચના અંગે ચર્ચા શરુ કરી દીધી છે. બીજી તરફ બ્રિટનમાં ઓક્સફર્ડ યુનિર્વસિટી દ્વારા વિકસિત એક વેક્સીનનું પરીક્ષણ ત્રીજા તબક્કામાં પહોંચી ગયું છે. તેનું ટેસ્ટિંગ બ્રાઝીલ અને દક્ષિણ આફ્રિકાની હોસ્પિટલોમાં કરવામાં આવી રહ્યું છે.

ડબલ્યુએચઓએ કોરોના વાયરસ સામેના જંગમાં ભારતના પ્રયાસોની પ્રશંસા કરી છે. ડબલ્યુએચઓનું કહેવું છે કે ભારતને હવે કોરોના વાયરસ સાથે જોડાયેલા ડેટા મેનેજમેન્ટ પર પણ ફોકસ કરવું જોઈએ. ડબલ્યુએચઓનું માનવું છે કે ભારતની સૌથી મોટી સમસ્યા વસ્તી અને ભૌગોલિક વિવિધતા છે. તેથી ડેટા એકઠા કરવા વધારે જરૂરી બની જાય છે. ડબલ્યુએચઓએ ભારત સરકારના મજબૂત રાજકિય નેતૃત્વની પ્રશંસા કરી છે. ભારતે કોરોના વાયરસના રોગચાળામાં ટેસ્ટિંગથી લઈને તેને મોટા સ્તર સુધી લઈ જવા સુધી સારી ભૂમિકા ભજવી છે.